# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 30-04-2025 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## જાતિગણતરીને મંજુરી:

સરકારે આગામી વસ્તી ગણતરીમાં જાતિ ગણતરીનો સમાવેશ કરવાનો નિર્ણય લીધો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટની રાજકીય કાર્યવાહી સમિતિ દ્વારા આ નિર્ણય લેવાયો છે. આજે નવી દિલ્હીમાં માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે વસ્તી ગણતરી એક કેન્દ્રીય વિષય છે. તેમણે કહ્યું કે કેટલાક રાજ્યોએ જાતિ સર્વેક્ષણ સારી રીતે કર્યું છે અને કેટલાક રાજ્યોએ રાજકીય કારણોસર કર્યું છે. બેઠકમાં મંત્રીમંડળે ખાંડ સીઝન 2025-26 માટે શેરડીનો વાજબી અને લાભદાયી ભાવ 355 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ કરવાને પણ મંજૂરી આપી. શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે આ નિર્ણયથી પાંચ કરોડ શેરડી ખેડૂતો તેમજ ખાંડ મિલો અને આ પ્રવૃત્તિઓમાં જોડાયેલા પાંચ લાખ કામદારોને ફાયદો થશે.

-----------------------------------------------------------------------------------------

## પેન્શનર્સના હિતમાં નિર્ણય:

ગુજરાત સરકારે રાજ્યના પેન્શનર્સના હિતમા એક મહત્વપુર્ણ નિર્ણય કર્યો છે. હયાતીની ખરાઇ કરવા માટે ગુજરાત સરકાર દ્વારા ભારતીય ટપાલ વિભાગ સાથે સમજૂતી કરાર કરવામાં આવ્યા છે. રાજ્યની પોસ્ટ ઓફિસ/ઇન્ડિયન પોસ્ટ પેમેન્ટ બેન્ક મારફત પેન્શનરોને આ સેવા ઉપલબ્ધ થશે. આ સેવા અંતર્ગત પેન્શનરોના ઘર-આંગણે રૂબરૂ મુલાકાત કરી હયાતીની ખરાઈ સંપૂર્ણપણે નિ:શુલ્ક કરવામાં આવશે. હાલના હયાતીની ખરાઇના અન્ય વિકલ્પો રાબેતા મુજબ ચાલુ રહેશે. સરકાના આ હકારાત્મક નિર્ણયથી રાજ્યના આશરે પાંચ લાખથી વધુ પેન્શનરોને આ સેવાનો લાભ મળશે.

-----------------------------------------------------------------------------------------

## બ્રેઈલ લિપી પુસ્તીકાનું વિમોચન -:

કચ્છમાં દિવ્યાંગો માટે એક નવી પહેલની શરૂઆત કરવામાં આવી છે જેનાથી દેશના 50 લાખથી વધુ અંધજનોને ફાયદો થશે. જિલ્લા નાગરિક સંરક્ષણ કચ્છ અને નવચેતન સંસ્થાના સંયુક્ત ઉપક્રમે દિવ્યાંગજનો માટે સૌપ્રથમ વખત તૈયાર કરાયેલી નાગરિક સંરક્ષણ તાલીમની બ્રેઈલ લિપિ પુસ્તિકાઓનું આજે જિલ્લા કલેક્ટર આનંદ પટેલના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. કચ્છ નાગરિક સંરક્ષણ તંત્રના પ્રયાસથી બનેલી બ્રેઇલ લિપિ પુસ્તિકાથી દેશના 50 લાખ અંધજનોને આપાતકાલીન સ્થિતિમાં રાહત અને બચાવની તાલીમ હવે સંભવ બનશે. બ્રેઈલ લિપિના માધ્યમથી તાલીમ આપવાનો આ પ્રયાસ દિવ્યાંગજનો માટે આપદાની સ્થિતિમાં જીવનરક્ષક સાબિત થશે એમ જિલ્લા કલેક્ટર આનંદ પટેલે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

(બાઇટ : આનંદ પટેલ)

---

## રાજ્યમાં વરસાદની આગાહી:

હવામાન વિભાગે ગુજરાતમાં 3થી 6 મે દરમિયાન પવન સાથે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં માવઠું થવાની શક્યતા છે. 3 થી 5 મે દરમિયાન કચ્છ સહિત રાજ્યના અન્ય જિલ્લાઓમાં વરસાદ પડશે. હવામાનની આગાહી મુજબ છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ કમોસમી વરસાદની સંભાવના છે. આજે કચ્છ, મોરબી, રાજકોટ, બોટાદ, સુરેન્દ્રનગર, અમદાવાદમાં હીટવેવની આગાહી કરવામાં આવી છે. 72 કલાક બાદ એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થશે. જેના કારણે રાજ્યમાં પ્રિ-મોન્સૂન એક્ટિવિટી થશે.

---

## અખાત્રીજના સમુહ લગ્ન:

અખાત્રીજના દિવસે મુહૂર્ત જોવાની જરૂર ન હોવાથી આ દિવસે મોટી સંખ્યામાં વિવિધ શુભકાર્યો અને માંગલિક પ્રસંગો યોજાઇ રહ્યા. કચ્છમાં પાટીદાર સમાજ, ભાનુશાલી સમાજ અને

અન્ય સમાજમાં સમૂહલગ્ન યોજાયા હતા. કચ્છમાં ખાસ કરી નખત્રાણા તાલુકાનાં ગામોમાં સમૂહ લગ્ન યોજાય છે જેમાં કચ્છ બહારથી  સમાજનાં લોકો વતનમાં આવે છે છેલ્લા બે દિવસ થી ગ્રામ્ય વિસ્તાર માં  લગ્નોત્સવનો અનેરો માહોલ જોવા મળે છે.

---

## મોટી રાયણ લક્ષ્મીનારાયણ મંદિર:

માંડવી તાલુકામાં મોટી રાયણ લક્ષ્મીનારાયણ કડવા પાટીદાર સનાતન સમાજ દ્વારા લક્ષ્મીનારાયણ મંદિરને 75 વર્ષ પૂર્ણ થતા કુળદેવી ઉમિયા મા તથા રામેશ્વર મહાદેવના ત્રિ-શિખરીય નૂતન દેવાલયનો પુન: પંચાહ્નિકા પ્રતિષ્ઠા મહોત્સવ આજથી શરૂ થયો છે જે 4 મે સુધી ચાલશે.

---